ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૦/૩૫૯૯ - ૩૬૩૪
ગુજરાત માધ્યમિક અને,
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૨૦/૧૧/૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજ્ય

વિષયઃ-કોવિડ-૧૯ની પરિસ્થિતિમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે ધોરણ-૯ થી ૧૨ની પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર બાબત.
સંદર્ભઃ-અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૦/૩૫૮૪-૩૬૨૫ તા.૧૯/૧૧/૨૦૨૦.

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે કોવિડ-૧૯ની પ્રવર્તમાન પરિસ્થિતિમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે વિદ્યાર્થીઓનો તણાવ ઘટાડી શકાય તે હેતુથી સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ નિર્ણય મુજબ ધોરણ-૯ થી ૧૨ની પરીક્ષા પદ્ધતિમાં કરેલ ફેરફારની વિગતો સંદર્ભ દર્શિત પત્રથી આપને જાણ તથા અમલ સારું મોકલી આપવામાં આપેલ હતી. જે મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે ધોરણ-૯, ૧૦, ૧૧(વિજ્ઞાન પ્રવાહ/સામાન્ય પ્રવાહ) તેમજ ૧૨(સામાન્ય પ્રવાહ)માં પરીક્ષાના પ્રશ્નપત્રમાં હેતુલક્ષી પ્રશ્નોનું પ્રમાણ ૩૦% અને વર્ણનાત્મક પ્રશ્નોનું પ્રમાણ ૭૦% જેટલું કરવામાં આવેલ છે. ધોરણ-૯, ૧૦, ૧૧(વિજ્ઞાન પ્રવાહ/સામાન્ય પ્રવાહ) તેમજ ધોરણ-૧૨(સામાન્ય પ્રવાહ)ની પરીક્ષામાં હેતુલક્ષી પ્રશ્નોના જવાબ વિદ્યાર્થીએ ઉત્તરવહીમાં જ લખવાના રહેશે. તેમાં OMR નથી. તે સ્પષ્ટતા કરવામાં આવે છે. માત્ર ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં જ હાલની પદ્ધતિ મુજબ ૫૦% MCQ પ્રકારના પ્રશ્નો(OMR પદ્ધતિ) અને ૫૦% વર્ણનાત્મક પ્રશ્નોનું પ્રમાણ યથાવત રહેશે. પરીક્ષા પદ્ધતિમાં કરેલ ફેરફાર કોવિડ-૧૯ની પરિસ્થિતિને કારણે વર્ષ ૨૦૨૦-૨૧ ના શૈક્ષણિક વર્ષમાં જ અમલમાં રહેશે, જેની તમામે નોંધ લેવી.

ઉક્ત વિગતો આપના તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને મોકલી આપવા વિનંતી.

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

નકલ સવિનય રવાના:
- માન. અધ્યક્ષશ્રી, ગુ. મા. અને ઉ. મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

તા. 20/11/2020

પ્રતિ,
આચાર્યશ્રીઓ,
સુરત જિલ્લાની તમામ મા. અને ઉ.મા. શાળાઓ તરફ,
સુરત.
રવાના- જાણ તથા અમલ થવા સારૂ...

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિલ્લો, સુરત.